[ 21 ]

ઝાડ સામે દોટ મેલીને હવા પાછી પડી,
એને ઝંઝાવાત બનવાની ઉંમર કાચી પડી.

ઝાંઝવાં ધારીને તરવૈયા ઘણા ડૂબી ગયા,
રણ વિશેની ધારણા હંમેશ ક્યાં સાચી પડી ?

જિન્દગી ! સીધા ચઢાણે તારી સાથે હું રહ્યો,
મારી સાથે તું ઊતરતા ઢાળમાં થાકી પડી.

સાવ ઓચિંતું સભા છોડી કોઈ ચાલ્યું ગયું,
કોઇ ના પૂરી શકે, એવી જગા ખાલી પડી.

હું ખલીલ એક ચપટી અજવાળુંય ના પામી શક્યો,
ક્યાંકથી આવીને દીવાને હવા બાઝી પડી.

[ 22 ]

મા કહીને માને બોલાવે તો વંદેમાતરમ્,
પ્રેમથી ખવડાવે-પિવડાવે તો વંદેમાતરમ્.

ત્યાં સુધી આ ધરતીમાની વંદના બેકાર છે,
માને ઘરડાઘરથી લઈ આવે તો વંદેમાતરમ્.

[ 23 ]

કાચના મહેલોમાં કાગારોળ છે,
પથ્થરોની આંખ પણ તરબોળ છે.

કલ્પના સુંદર હતી, રૂડી હતી,
વાસ્તવિકતા કેટલી બેડોળ છે!

રાતદિ' ચાલુ છું ત્યાંનો ત્યાં જ છું,
મારું જીવન જાણે કે ચકડોળ છે.

મારા દિલમાં જીવતી ચિનગારીઓ,
એની આંખોમાં નર્યો વંટોળ છે.

કોણ એનું રૂપ બદલે શી મજાલ ?
આ તો મારા ગામની ભૂગોળ છે!

ઘાણીએ ફરતો બળદ અટકી જશે,
એને ના કહેશો કે પૃથ્વી ગોળ છે.

શું સુરક્ષિત છે ખલીલ આજે અહીં,
આ જગત આખુંય ડામાડોળ છે !

[ 24 ]

પ્રેમના પરથમ પગથિયે ચાંદ તોડી લાવશે,
ને વસંતતિલકાને ખુશ કરવા ગઝલ સંભળાવશે.

લ્યો, હવે તો સૂર્ય ઊગ્યો, હોલવી નાખો મને,
કોઈ પાછો સાંજે આવીને મને સળગાવશે.

ના, મને મૃત્યુ પછીની સ્હેજ પણ ચિંતા નથી,
હું રહું છું એવા ઘરમાં કે કબર પણ ફાવશે.

ધોમ તડકામાં કોઈનો છાંયડો માગી તો જો,
શક્ય છે કે આંખ સામે આયના ચમકાવશે.

દીકરાની રાહ જોતી ફોન પર બેઠી છે મા,
ગામની ડોશી હવે કાગળ નહીં વંચાવશે.

બસ હવે ભૂતકાળનાં જખ્મોને ખોતરશો નહીં,
ગઇ સદીને એ નવેસરથી ફરી ઉથલાવશે.

આ નદી છે, એને ચોમાસું જ છલકાવી શકે,
માવઠું એકાદ-બે ખાબોચિયાં છલકાવશે.

એમને તો બસ ખલીલ આદત પડી છે શું કરે ?
જે સમજતા ખુદ નથી એ સૌ મને સમજાવશે!

[ 25 ]

ઘર તો તારાથી ખરેખર ઘર થયું,
જે કશું ખૂટતું હતું સરભર થયું.

તેં મને ઓઢી લીધો લોહીલુહાણ,
તારું કોરું વસ્ત્ર પાનેતર થયું.

જિન્દગીભર જાતને તડકે મૂકી,
એ પછી અજવાળું મુઠ્ઠીભર થયું.

શ્વાસ પર પ્હેરો બની બેઠી છે ક્ષણ,
જીવવું શ્વાસો ઉપર નિર્ભર થયું.

એકધારું ક્યાં જિવાયું છે ખલીલ!
કટકે કટકે પૂરું આ જીવતર થયું.

[ 26 ]

વૃક્ષમાં તો સૌથી ઊંચો તાડ છે,
એક મુઠ્ઠી છાંયડાનું ઝાડ છે.

રોજ કલકલતી રહી મીરાં કોઈ
મારું દિલ જાણે કોઈ મેવાડ છે

આપણે તદ્દન નિકટ બેઠા છીએ,
તોય લાગે છે કશાની આડ છે.

જા કોઈ કિલ્લાના ફોટા પાડ તું,
એ તો છીંડાં હોય, આ તો વાડ છે.

તું ખલીલ આ ક્ષણ તપાસી જો ફરી,
શ્વાસ અકબંધ છે, ધબકતી નાડ છે!

સાદગી
પહેલો ગઝલસંગ્રહ

[ 27 ]

એકની મર્યાદા જ્યારે એક બીજો તોડશે,
કોઈ સૂકા હોઠ, ભીના હોઠને રગદોળશે.

એ સડકનું નામ બદલી નાખશે કાલે કોઈ,
એ પછી આ તારા સરનામે તને ક્યાં શોધશે ?

ઢાંકણી પાણી કે દરિયો એમને સૂઝે નહીં,
નામ તો સૉનેટ લખનારા ગઝલમાં બોળશે.

શ્હેરમાં રિક્ષા ચલાવે છે કનૈયો ઠાઠથી,
કોણ વૃન્દાવનમાં રાધાની મટુકી ફોડશે ?

જો ખલીલ આજેય એ જૂની પ્રથા અકબંધ છે,
લો દલા તરવાડી લઈ લો, કોણ તમને ટોકશે ?

[ 28 ]

એથી તો એનું ચિંતન મ્હેકે છે ગઝલ જેવું,
ખુશ્બૂઓ વિશે પણ એ સોચે છે ગઝલ જેવું!

કોઈ રૂપાળું સામે આ કોણ ત્યાં ઊભું છે ?
અહિ દૂરથી તો અમને લાગે છે ગઝલ જેવું ?

કોને ખબર છે આજે અટકીશ હું ક્યાં જઇને ?
આ ભીડમાં ચાલું ને પડખે છે ગઝલ જેવું !

છોડો તબીબો મારાં લોહીનાં સૌ પરીક્ષણ,
મારી તો નસેનસમાં દોડે છે ગઝલ જેવું !

એથી ખલીલ તારી વાતો ગમે છે અમને,
તું સાવ સીધેસીધું બોલે છે ગઝલ જેવું !

[ 29 ]

એના ઘરની એક બારી મારા ઘર સામે હતી,
મારી જે દુનિયા હતી મારી નજર સામે હતી.

એકસરખો ગર્વ બંનેને હતો વ્યક્તિત્વનો,
એક ઊંડી ખીણ પર્વતના શિખર સામે હતી.

રાતે ચિંતા કે સવારે સૂર્ય કેવો ઊગશે,
ને સવારે, સાંજ પડવાની ફિકર સામે હતી.

હું વસંતોને ઉમળકાભેર માણી લેત પણ,
હાય રે ! એક વેંત છેટે પાનખર સામે હતી.

હું જ અંધારાના ડરથી આંખ ન ખોલી શક્યો,
એક સળગતી મીણબત્તી રાતભર સામે હતી.

મિત્ર ને શત્રુની વચ્ચોવચ 'ખલીલ' ઊભો હતો,
એક આફત પીઠ પાછળ, એક નજર સામે હતી.

[ 30 ]

ઝેરનો તો પ્રશ્ન ક્યાં છે, ઝેર તો હું પી ગયો,
આ બધાને એ જ વાંધો છે કે હું જીવી ગયો.

હું કોઈનું દિલ નથી, દર્પણ નથી, શમણું નથી,
તો પછી સમજાવ કે હું શી રીતે તૂટી ગયો.

માછલીએ ભરસભામાં ચીસ પાડીને કહ્યું,
તેં મને વીંધી છે, મારી આંખ તું ચૂકી ગયો.

એમ કંઈ સ્વપ્નામાં જોયેલો ખજાનો નીકળે ?
એ મને હેરાન કરવા મારું ઘર ખોદી ગયો.

ને ખલીલ એવું બન્યું કે છેક અંતિમ શ્વાસ પર,
મોતને વાતોમાં વળગાડીને હું સરકી ગયો.

સાદગી
પહેલો ગઝલસંગ્રહ

[ 31 ]

કોઈ અપરાધી જો નોટો આપશે,
સાક્ષી ખોટા જવાબો આપશે !

આખરે માણસ છે ન્યાયાધિશ પણ,
એય વેચાતો ચુકાદો આપશે.

[ 32 ]

મારી સાથે આ નગર આખું પડ્યું'તું આગમાં,
કોણ જાણે હું જ કાં પથરાયો પોણા ભાગમાં.

તું વસંતતિલકા કે મંદાક્રાંતા જે હોય તે,
મેં તને મરજી મુજબ છેડી ગઝલના રાગમાં.

કોઈ તો મનગમતો સાથીદાર હોવો જોઈએ,
એ પછી ઘરમાં કે જંગલમાં રહો કે બાગમાં.

ઉંબરે દીવો સળગતો મૂકવાનો છે સમય,
ટોડલે ટાંપીને બેઠી છે હવા પણ લાગમાં.

હું ખલીલ ! આ મોહમાયા છોડી દઉં પણ એ પછી,
સાવ નિર્ધન થઈ જશે મારી ગઝલ વૈરાગમાં.

[ 33 ]

પક્ષી એ મીણનું ને મેં મૂક્યું'તું આંચમાં,
ઊડી ગયું સૂરજને ઉપાડીને ચાંચમાં!

શોધે છે કોઈ મુજને એ જાણ્યું છે ત્યારથી,
નીકળી પડું છું હું જ હવે મારી જાંચમાં.

એની નજરમાં જ્યારથી આવ્યો છું ત્યારથી,
ચર્ચાતો થૈ ગયો છું હું બે-ચાર-પાંચમાં.

હું આ ગઝલને કાફિયો ચૂકવી શક્યો નહીં,
બદલામાં એણે લૈ લીધો આ શેર ટાંચમાં.

તરત જ શમોલ તોડીને નીકળી જશે બળદ,
ગાડું ખલીલ! ખાબકી પડશે જો ઘાંચમાં.

[ 34 ]

લે, આ મારી જાત ઓઢાડું તને,
સાયબા! શી રીતે સંતાડું તને.

તું ભલે દિલમાં રહે કે આંખમાં,
ક્યાંય પણ નીચો નહિ પાડું તને.

કાંઈ પણ બોલ્યા વગર જોયા કરું,
મૌનની મસ્તીથી રંજાડું તને.

તું નહિ સમજી શકે તારી મહેક,
લાવ કોઈ ફૂલ સૂંઘાડું તને.

કોક દિ' એકાંતમાં ખપ લાગશે,
આવ મારી યાદ વળગાડું તને.

હૂ બ હૂ તારી જ લખવી છે ગઝલ,
તક મળે તો સામે બેસાડું તને.

તેં નિકટથી ચંદ્ર જોયો છે કદી?
આયનો લઇ આવ દેખાડું તને.

ઘર સુધી તું આવવાની જિદ ન કરે,
ઘર નથી, નહિતર હું ના પાડું તને!

તું ખલીલ! આકાશને તાક્યા ન કર,
ચાલ છત પર ચંદ્ર દેખાડું તને!

[ 35 ]

સ્પર્શનું પણ ઝેર ચડવા દે મને,
લે હવે, થોડુંક અડવા દે મને.

મારે તૂટીને થવું છે છિન્નભિન્ન,
તું હવા છે તો જકડવા દે મને.

દ્વાર છું, બે-ત્રણ ટકોરા બસ થયા,
એ પછી જાતે ઊઘડવા દે મને.

મેં પતંગો તો ચગાવ્યા છે ઘણા,
બસ હવે ફિરકી પકડવા દે મને!

મારી અંદરથી કોઈ કે' છે ખલીલ!
બેસ હમણાં શાંત પડવા દે મને.

[ 36 ]

મારાં સૌ શિખરો સમેટીને,
દાનમાં દૈ દીધાં તળેટીને.

ખૂબ હીબકાં ભરીને રોયો છે,
મારો ભૂતકાળ મુજને ભેટીને.

પગને વળગી પડે છે ઘર આખું,
ક્યાં હવે જાઉં ઘર ઉશેટીને!

જૂના મખમલના લાલ કટકામાં,
માએ મૂક્યું છે શું લપેટીને.

આજ સાચું ખલીલ એ રોયો
એણે આપી વિદાય બેટીને

[ 37 ]

વાંસળી ઊંચકે બબ્બે હાથે, આંગળીએ પર્વત અધ્ધર,
કોણ હતું બહુ શક્તિશાળી, ગોવર્ધન કે બંસીધર?

જુઠ્ઠા છે તાવીજ-પલીતા, જૂઠા સૌ જાદુમંતર,
સાચું હોય તો લઇ આવોને મારી વીતેલી ઉમ્મર.

ઝેરનો પ્યાલો રસ્તામાં બદલાઈ ગયાની અફવા છે,
આપણને શું, મીરાં જાણે કે જાણે ગિરધરનાગર.

સાતમા કોઠે ઊભો છું, પણ હે જયદ્રથ! તું પાછો જા,
તારા કામને માટે મારા સગા-સંબંધી છે સધ્ધર!

સાવ નિકટના માણસથી પણ હાથવેંતનું છેટું રાખ
દૂરથી જોવામાં જ મઝા છે, ડુંગર પણ લાગે સુંદર.

મિષ્ટાન્નોમાં સર્વોત્તમ છે, મહેનતની રોટીની સુગંધ,
જેમનો પરસેવો મહેકે છે, એમને શું અત્તરબત્તર!

યાર ખલીલ! એક વાત છે નક્કી, તારું પણ સન્માન થશે,
આજ નહિ તો કાલે થાશે, નહિતર થાશે મરણોત્તર!

[ 38 ]

પહેલાં જેવો પ્યારનો માણસ નથી,
આ જગતમાં ક્યારનો માણસ નથી.

હું કોઈ વણજારનો માણસ નથી,
તોય બારોબારનો માણસ નથી.

જે મને લૂંટી ગયો છે એ કોઈ,
સાત દરિયાપારનો માણસ નથી.

ના, મને જોઈને ઊભા ના થશો,
હું કોઈ સરકારનો માણસ નથી.

હું સમગ્ર શ્હેરની છું સંપત્તિ,
એક-બે હકદારનો માણસ નથી.

તારે હોવું જોઈએ ઇતિહાસમાં,
તું હવે અત્યારનો માણસ નથી.

દોસ્ત કે દુશ્મન બધા છે આપણા,
એમાં કોઈ બા'રનો માણસ નથી.

ઇશ્કને ગાલિબ! નિકમ્મા કર દિયા,
નહિ તો હું બેકારનો માણસ નથી.

છે ખલીલ ઉપર તમારા સૌનો હક
એ કોઈ બેચારનો માણસ નથી

સાદગી
પહેલો ગઝલસંગ્રહ

[ 39 ]

કાચનું વાસણ કે પરપોટો જ નૈ,
સાક્ષી માણસ છે ફૂટી જાય છે!

કાયદો જે ગજવે ઘાલીને ફરે,
એ સદા નિર્દોષ છૂટી જાય છે.

[ 40 ]

મેઘ ક્યાં ધોધમાર વરસે છે,
છાપરું અનરાધાર વરસે છે.

આંસુઓની કતાર વરસે છે,
ભીના હૈયાનો ભાર વરસે છે.

આમ તો ચારે બાજુ કોરુંકટ,
ચારે બાજુથી પ્યાર વરસે છે.

હું અહીં રેબઝેબ તડકામાં,
કોક ત્યાં સામે પાર વરસે છે.

છે ખલીલ! આપણો દિવસ કોરો,
રાત બસ પારાવાર વરસે છે.